બરછી કાર્યાલય C/o.ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઇન રોડ, કોટેચા ગર્લ્સ હાઇસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

શિક્ષણ સેવા સંરક્ષણ


માર્ચ–૨૫
જાન્યુઆરી–જૂલાઈ

વર્ષ : ૬૧ (છેલ્લું વર્ષ)

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર



:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫

## અલગ વાત છે...

આંખોનું હોવું, અલગ વાત છે,
દ્રષ્ટિનું મળવું, અલગ વાત છે.
માણસ તરીકે જનમ તો મળે,
માણસ નીપજવું, અલગ વાત છે.
સૌને મળી હોય પીડા છતાં,
શબ્દોમાં ઢળવું, અલગ વાત છે.
ટોળામાં રહેવું અને તે છતાં,
જુદા નીકળવું, અલગ વાત છે.
આવી જ જાશે અચાનક મરણ,
ને રોજ મરવું, અલગ વાત છે.

- હાર્દિક વોરા - રાજકોટ.

# રંગ પ્રેમનું પર્વ ધૂળેટી

ફાગણવદ એકમને સમગ્ર ભારતમાં ધુળેટીના પર્વ તરીકે મનાવવામાં ઉજવવામાં આવે છે. આમ તો ફાગણ માસ અને વસંત (ફૂલોની રાણી) ઋતુના આ દિવસો સર્વત્ર પુષ્પોની મહેક પ્રસરી રહી હોય ત્યારે પ્રસન્નતા પથરાઈ હોય, મંદ મંદ પવન અને મીઠી મીઠી થોડી ઠંડી હોય ત્યારે શ્રીકૃષ્ણને અતિ પ્રિય આ ફાગણિયો માસ ધુળેટી પર્વ રંગ પુષ્પો અને નિર્દોષ મજાક મસ્તીનો આ પર્વ છે. આથી જ તો વ્રજમાં ખાસ અને ભારતના દરેક કૃષ્ણ મંદિરોમાં રંગથી આ ધુળેટી પર્વ ઉજવવામાં આવે છે. જેમાં રંગ સાથે ઉમંગની છોળ ઉછળે છે. તો ફુલડોલનો ઉત્સવ પણ યોજાય છે. રંગ ભર કેસુડાનો રંગ સર્વત્ર જોવા માણવા મળે છે.

શ્રી કૃષ્ણ પ્રેમ અને ઉલ્લાસના અધિષ્ઠાતા છે. આથી વ્રજમાં ધૂળેટી વિશેષ રીતે, વિશેષ ઉજવાય છે. આ પૂર્વ સાત દિવસનું હોય છે. જે ધુળેટી પહેલાં જ ઉજવવાનું શરૂ થઈ જાય છે. વ્રજના ગોવાળિયા- યુવાનો રાધાના જન્મ સ્થાન બરસાના ખાતે લાઠીમારનો પર્વ ઉજવે છે. આ માત્ર મજાક મસ્તીમાં જ ઉપયોગમાં લેવામાં આવે છે, જેને ગોપીઓ પોતાનું રક્ષણ કરીને રક્ષણ શક્તિ મેળવવાનો ઉદ્દેશ આપે છે. શ્રીકૃષ્ણ મંદિરોમાં ફાગણ વદ પાંચમે  રંગપંચમી ઉજવાય છે.

મહારાષ્ટ્રમાં આ દિવસોમાં એવી માન્યતા છે કે શરીર ઉપર હોળીની ભસ્મ લગાવીને પ્રસંગ ઉજવાય તો શ્રીકૃષ્ણ પ્રસન્ન થાય છે. રાજસ્થાનના ભીલવાડામાં રામ સ્નેહી સંપ્રદાયના મુખ્ય રામ મંદિરોમાં પણ રંગ પંચમી સુધી આમ આ પર્વ ઉજવાય છે. તો વળી શ્રાવણવદ છઠ સાતમ ની જેમ અત્યારે આ દિવસો ઉજવાય છે.

મૂળ તો આ પર્વ નિખાલસતા અને નિર્દોષ મજાક મસ્તીનું પર્વ છે જે થકી આપણે એકબીજાની નજીક આવવાનું હોય છે. સાદા બિનહાનિકારક રંગ અને એકબીજા ઉપર પાણી ઉડાડી નિર્દોષ આનંદ થી ઉજવવાનું આ પર્વ છે અગાઉ આ પર્વ ધૂળથી જ મનાવવામાં આવતું હતું તેથી ધુળેટી કહેવાઈ.

ધુળેટી અસતના સત્ સામેના પરાજયનો દિવસ છે..આ અસત એટલે એ કે હિરણ્યકશ્યપ નાસ્તિક હતો તેનો પુત્ર પ્રહલાદ ભક્તિભાવથી ભર્યો આસ્તિક હતો, જેને તેના આ પિતા નફરત કરતા હતા. આથી પ્રહલાદને મારી નાખવા અનેક ઉપાયો કર્યા પણ કારગત ન નીવડ્યા. છેલ્લા ઉપાય તરીકે હિરણ્ય કશ્યપે તેની બહેનને હોળી ઉપર ફાગણ સુદ પૂનમે બેસાડી તેના ખોળામાં પ્રહલાદને બેસાડી, કારણકે હોલિકાને વરદાન હતું કે તેને આગ બાળી ન શકે. આથી એમ હતું કે હોલિકા નહિ બળે, પ્રહલાદ બળી જાય, પરંતુ હોલિકાએ આ વરદાન સત્ ના માર્ગ માટે ઉપયોગમાં લેવાનું હતું, કોઈને હત્યા અર્થે નહીં. આ અસતનો માર્ગ લેતાં હોલિકા બળી મરી અને પ્રહલાદ જીવિત રહ્યો. આમ ધુળેટીનો દિવસ અસત સામે સતના વિજય દિવસ તરીકે રંગ ઉમંગથી ઉજવવામાં આવે છે.

- જસ્મીન દેસાઈ- 'દર્પણ' રાજકોટ. M. 9428349 812

## કુ. દ્યુતિ ધોળકિયા એમ્સ્ટર્ડેમ ખાતે કોન્ફરન્સમાં ભાગ લઈ આવ્યાં...



કુ. દ્યુતિ ધોળકિયા તા. ૨૮ ફેબ્રુઆરીના એમ્સ્ટર્ડેમ ખાતે આયોજિત કોન્ફરન્સમાં તેણીનું રિસર્ચ પેપર 'The Culpability of Civilians Engaged in Either Continuous Combat Function or Direct Participation in Hostilities through Cyberattacks' ને રજુ કરવા ગવર્નમેન્ટ ઓફ નેધરલેન્ડ્સની મિનિસ્ટ્રી ઓફ ડિફેન્સ દ્વારા ઑફિશીઅલ આમંત્રણ મળતાં ત્રણ દિવસ માટે એમ્સ્ટર્ડેમ જઈ આવ્યાં. આ અગાઉ પણ કુ. દ્યુતિએ ઇન્ટરનેશનલ ક્રિમિનલ લૉ ને લગતા કોન્ફરન્સ માં પોતાના રિસર્ચ પેપર્સ રજુ કર્યાં છે.

કુ. દ્યુતિ, સૌ. પલ્લવીબેન હિમાંશુભાઈ ધોળકિયાનાં પુત્રી, સ્વ. પ્રમિલાદેવી હરિહરરાય ધોળકિયાનાં પૌત્રી અને સ્વ. રમણબાળાબેન સનતકુમાર બુચનાં દોહિત્રી થાય છે.

ફરી એકવાર પરિવાર અને જ્ઞાતિને ગૌરવ બક્ષનાર કુ. દ્યુતિને અભિનંદન .

## હરિત વસાવડા દ્વારા સ્પોર્ટ્સ એકેડેમીની સ્થાપના

સ્કૂલ સમયથી જ બેડમિન્ટન રમતના માહેર ખેલાડી હરિત હર્ષદરાય વસાવડાએ સ્વવ્યવસાય ના અભિગમને સાકાર કરી, અડાલજ- અમદાવાદ ખાતે  ફોનિક્સ સ્પોર્ટ્સ એકેડેમી નામે સ્પોર્ટ્સ સંકુલની સ્થાપના કરી છે. જેમાં બેડમિન્ટન માટે ચાર વુડન કોર્ટ ઉપરાંત આ સ્પોર્ટ્સને લગતી અન્ય સુવિધાઓ ઉપલબ્ધ છે. પ્રાથમિક તાલીમથી બહાર થતી ટુર્નામેન્ટ રમતા ખેલાડીઓ માટે અલગ અલગ વય જૂથના કોચિંગની વ્યવસ્થા પણ છે. શ્રી હરિત વસાવડા આ એકેડેમીના સ્થાપકો માંહેના એક છે, ઉપરાંત ચીફ કોચ તરીકે કાર્યરત છે. સંપર્ક સૂત્ર : ૯૪૨૯૫૨૦૪૩૫

## રાજકોટ ખાતે ફૂડ કાર્નિવલનું સફળ આયોજન..

આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે અખિલ ભારતીય નાગર પરિષદ (મહિલા પાંખ) દ્વારા તારીખ ૮ માર્ચના રોજ સાંજે ૪ વાગ્યાથી રાત્રિના ૧૦ વાગ્યા સુધી નાગરાણી ફૂડ કાર્નિવલ નું શ્રી નાગર બોર્ડિંગ ખાતે સફળ આયોજન થઈ ગયું. ફૂડ કાર્નિવલનાં આ પ્રથમ જ નવતર આયોજનને અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડયો. બહોળી સંખ્યામાં ઉપસ્થિત નાગરોએ રસોઈની મહારાણી એવી જ્ઞાતિ બહેનો દ્વારા સ્વહસ્તે બનાવેલ દાબેલી, પાણીપુરી, ભુંગળા બટેટા, સેવ ખમણી, ભેળ, કુકીઝ ચોકલેટ ફ્રુટ સલાડ જેવા અનેક વ્યંજનોનો આસ્વાદ માણ્યો હતો. સાથે સાથે નાસ્તા અથાણાના વેચાણના કાઉન્ટર પણ રાખવામાં આવ્યાં હતાં, જેનો પણ જ્ઞાતિજનોએ લાભ લીધો હતો.

કાર્નિવલને સફળ બનાવવામાં અખિલ ભારતીય નાગર પરિષદના પ્રમુખ શ્રી જે ટી બક્ષી અને મહિલા પાંખ પ્રમુખ શ્રીમતી કલ્યાણીબેન વચ્છરાજાનીનાં માર્ગદર્શન હેઠળ મહિલા કારોબારી સભ્યો તથા પરિષદનાં હોદ્દેદારો, સ્વયં સેવકોએ જહેમત લીધી હતી.

બહેનોના શોખ અને સ્વરોજગારીના ઉદ્દેશને સાર્થક કરતા આ આયોજનને વધાવવું ઘટે.

**મંતવ્ય :** રાજકોટનાં નવનિર્મિત આંતરરાષ્ટ્રીય વિમાની મથકને ભક્તકવિ નરસિંહ મહેતાનું નામ આપવા રાજકોટની વિવિધ જ્ઞાતિ સંસ્થાઓના પ્રતિનિધિઓ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું..જે સંદર્ભે ગતાંકમાં બરછી તરફથી મંતવ્ય લખી મોકલવા ઈજન આપવામાં આવ્યું હતું. જે અનુસંધાને રાજકોટના શ્રી જલેન્દુ જોષીપુરાએ લખી મોકલેલ તેમના વિચાર–મંતવ્ય– બરછીની નીતિ અનુસાર વ્યક્તિગત મનદુ:ખ થાય તેવા,વિવાદ થાય તેવા મુદા તથા એરપોર્ટને નામ આપવાના સૂચનના મૂળ મુદ્દા સાથે અન્ય કેટલાક સુસંગત–સંબંધ નથી તેવા મુદ્દાઓમાં 'તંત્રીની કાતર ચલાવી'ને પ્રકાશિત કરી રહયા છીએ. જ્ઞાતિજનો જાણે છે તેમ જલેન્દુભાઈ ચોકસાઈના ને સત્યના આગ્રહી, નિ:સ્પૃહી ને પારદર્શી છે માટે સ્પષ્ટ વકતા –લખનારા છે, સૌ કોઈને અનેક રીતે મદદરૂપ થનારા મારા –પરિવારના શુભેચ્છક છે, તેની સાદર નોંધ સાથે આ સ્પષ્ટતા એટલા માટે કરવાની કે આ વિચાર– મંતવ્ય બરછીમાં પ્રકાશિત થયા પહેલાં જલેન્દુભાઈએ તંત્રીને ઉલ્લેખી પત્ર સ્વરૂપેનું જ લખાણ મારા ઉપરાંત અન્યોને પણ મોકલતાં– copy paste-fwrd કરતાં –કોઈ દ્વારા સોશ્યલ મીડિયામાં તે જ રીતે પ્રસારિત થયું,જે મારા –તંત્રી– દ્વારા પ્રસારિત કરાયું હોવાની શંકા–ગેરસમજ ન રહે, વ્યક્તિ કે સંસ્થા સાથેના અંગત સંબંધોમાં કડવાશ–દ્વેષ ન આવે. વિ.શાં.ધો.–તંત્રી. –હવે વાંચો જલેન્દુભાઈનું મંતવ્ય.. વિચાર...

વિમાનીમથક સાથે નરસિંહ મહેતાનું નામ જોડવાના સૂચન સાથે હું સહમત થતો નથી. નરસિંહ મહેતા સ્મારક અંગે મારું અવલોકન એવું છે કે નાગરી નાત ખુદ ઉપેક્ષા કરી રહી છે, જ્યારે સરકારી, અર્ધસરકારી સત્તામંડળો નરસિંહ મહેતાને મહત્ત્વ આપે છે એનાં કેટલાંક દ્રષ્ટાંત ટાંકું, પણ એ પહેલાં નાગરી નાતના ઉપેક્ષા અભિગમના મુદ્દા રજૂ કરું છું.

૧) કેટલાં નાગર કુટુંબોનાં ઘરનાં પૂજન સ્થળે નરસિંહ મહેતાનો ફોટો સ્થપાયેલો છે; કેટલા પૂજે છે?!

૨) કૂળ ૭૧ના તારણહાર તથા "ગરીબને વળી નાગરી નાતમાંમાં દઈશ અવતાર"નું ઇશ્વર પાસે વરદાન માગી લેનાર નરસિંહ મહેતા નાગરી નાતમાં વિસ્મૃત કે સદંતર ઉપેક્ષિત રહે છે! નરસિંહ મહેતાને ચોરે દર્શને જવા, મનોરથ કરવા, અન્નકોટ કરાવવાની માનતા નથી રખાતી!!

૪) રાજકોટમાં-અન્ય શહેરોમાં - નરસિંહ મહેતાની પ્રતિમા, વરસને વચલે દિ' હારતોરા કરી ફોટા પાડવા માટે છે !

**પરંતુ સરકારમાં નરસિંહ મહેતા ઉપેક્ષિત નથી...સરકારી તંત્રની નરસિંહ આરાધના પર એક દ્રષ્ટિપાત કરીએ.**

(૧) ગુજરાત સરકારનાં પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડે ધાર્મિક સ્થળોના વિકાસ, માવજત કરવા યોગ્ય સ્થાનકોમાં નરસિંહ મહેતાને ચોરાનો સમાવેશ કર્યો છે.

(૨) ગુજરાત સરકારનાં તાબા હેઠળની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓએ જાહેર સ્થળોએ નરસિંહ મહેતાની પ્રતિમાઓ સ્થાપી છે, બાગ-બગીચા, સરોવરો, વાંચનાલયનાં નામ આપ્યાં છે.

(૩) સૌરાષ્ટ્રમાં શિક્ષણનો વ્યાપ વધારવા વિશ્વવિદ્યાલયો વધારવાની જરૂર લાગી ત્યારે જૂનાગઢમાં યુનિવર્સિટી શરૂ કરીને તેને નરસિંહ મહેતા યુનિવર્સિટી નામ આપવામાં આવ્યું છે.

(૪) ગુજરાત સરકાર દર વર્ષે વિક્રમ સંવત વર્ષના આરંભના દિવસોમાં નરસિંહ મહેતાનાં પુત્રીની દોહિત્રીઓની યાદમાં વડનગર ખાતે તાના-રિરિ સંગીત સંમેલન યોજે છે.

(૫) દુનિયાભરના વિવિધ ભાષા, વિવિધ ધર્મોના ગાયક કલાકારોને કંઠે "વૈષ્ણવજન તો તેને રે કહીએ..." પ્રવાહિત કરાવવાનું અતિ ઉમદા કાર્ય ભારત સરકારે કર્યું.

આ તમામ મુદ્દાઓએ હકીકત નેત્રદીપક સ્પષ્ટ કરે છે કે સરકારી તંત્રોએ નરસિંહ મહેતા સાથે સુસંગત હોય તેવાં સ્મારકને યથાયોગ્ય મહત્ત્વ આપવામાં કશી જ કસર છોડી નથી.

સંત, ભજન-ભક્તિગીત રચયિતાનું નામ કાંઈ હવાઈમથક સાથે જોડવાનું મને તો સુસંગત નથી લાગતું. આ પ્રકારની હસ્તીઓનાં નામ ધાર્મિકસ્થળ, સત્સંગ ખંડ, પ્રાર્થના ખંડ સાથે જોડી શકાય.

વિમાનીમથક સાથે જાહેરજીવનમાં રાજનીતિજ્ઞ, રાજનેતા, શાસનકર્તાનું નામ તર્કસંગત ગણાય અને તેની કોઈ ઠોસ ભૂમિકા હોવી જોઈએ તેવો મારો મત છે. આ દ્રષ્ટિએ રાજકોટનાં આંતરરાષ્ટ્રીય વિમાનીમથકની ઓળખ નાગર જ્ઞાતિની એવી હસ્તી સાંકળવી હોય તો સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્યમંત્રી ઢેબરભાઈનું નામ યથોચ્ચિત રહેશે.

આઝાદી પછી ભારતનું એક રાજ્ય સૌરાષ્ટ્ર પણ હતું. ૫૦૦-૬૦૦ જેટલાં દેશી રજવાડાંને સ્વતંત્ર સાર્વભૌમ રાષ્ટ્ર ભારતની મુખ્ય ધારામાં વિલીન કરવાનો જટિલ પ્રશ્ન રાષ્ટ્ર સમક્ષ હતો ત્યારે વિલીનીકરણનો સર્વસ્વીકૃત મુસદ્દો સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી સ્વર્ગીય ઉછરંગરાય નવલશંકર ઢેબરે સરદાર વલ્લભભાઈ પટેલની સૂચનાથી પોરબંદર સ્ટેટ દિવાન સ્વર્ગીય વૈકુંઠપ્રસાદ છેલશંકર જોશીપુરા સાથે બેસીને તૈયાર કર્યો/કરાવ્યો હતો. આ દ્રષ્ટિકોણથી ઢેબરભાઈનું ભારત માટે બહુમૂલ્ય યોગદાન છે અને એ ઢેબરભાઈના રાજવટવાળા પ્રદેશનું સર્વપ્રથમ આંતર-રાષ્ટ્રીય વિમાનીમથક ત્યાંની રાજધાની રાજકોટ પાદરે ઊભું થયું છે તો આ હવાઈમથકનું નામ ઉછરંગરાય નવલશંકર ઢેબર આંતરરાષ્ટ્રીય વિમાનીમથક/U.N.Dhebar International Airport રાખવું તર્કસંગત અને સુસંગત રહેશે.

કે.કામરાજ તમિળનાડુના મુખ્યપ્રધાન તથા કૉંગ્રેસ પ્રમુખ રહી ચૂક્યા હતા. એમનું પૂતળું દિલ્હીમાં ઊભું કરવામાં આવ્યું. રાષ્ટ્ર માટે અતિ મૂલ્યવાન યોગદાન આપનાર ઢેબરભાઈની સરીઆમ ઉપેક્ષા થઈ છે, જે ઉપરોક્ત નામાભિધાન થકી દુરસ્ત થયું લેખાશે.

વિમાનીમથક સાથે નરસિંહ મહેતાનું નામ જોડવા સંદર્ભે અન્ય પ્રશ્નો પણ ઊભા થઈ શકે...અન્ય રાજ્યોમાં પોતાની જ્ઞાતિના સંતોના નામ આપવાની અતાર્કિક માગણીઓ ઉઠી શકે છે. અસ્તુ!

- જલેન્દુ અજિતરાય જોશીપુરા, રાજકોટ.

---

**સમાચાર :** <u>વડોદરા</u> : તાજેતરમાં કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રીઝ (સીઆઇઆઇ) સેન્ટ્રલ ઝોનની કારોબારી સમિતિની બેઠક યોજાઈ ગઈ. જેમાં ૨૦૨૫-૨૬ ના વર્ષના હોદ્દેદારોની વરણી કરવામાં આવી, જેમાં વાઈસ ચેરમેન તરીકે શ્રી ગૌરાંગ જોશીપુરા (એમ.ડી. ઝેપ્લિન સિસ્ટમ ઇન્ડિયા પ્રા. લિમિટેડ)ની વરણી કરવામાં આવી.

<u>અમદાવાદ</u> : તા.૨૩/૦૨/૨૫ ને રવિવારના રોજ સવારે ૧૦ વાગ્યે ઓટલા ગૃપ ઓફ વડોદરાના સભ્યોએ અમદાવાદની મુલાકાત લીધી. ચંદ્રશેખર આઝાદ ગાર્ડન ખાતે ૨૩ સભ્યોનું આગમન થતાં અત્રેના જે જે નાગર ગૃપના સભ્યોએ ઢોલ નગારા સાથે ગુલાબની પાંદડીથી ધમાકેદાર સ્વાગત કર્યું હતું. ફાફડી,સંભારો,મરચા અને ચા તથા કોફીના નાસ્તા બાદ શ્રી નિલકંઠભાઈ ધોળકીયાએ શાબ્દિક આવકારી, ઓટલા ગૃપ વડોદરાથી આવેલ તમામ સભ્યોને નરસિંહ મહેતાના પ્રતિકવાળી કેપ પહેરાવી, અરસ પરસ ની ઓળખાણની શરુઆત કરાવી હતી. ૧૨-૪૫ વાગ્યે સ્વાદિષ્ટ ભોજન બાદ અંતમા ઓટલા ગૃપ વડોદરા તરફની શ્રી મયંક વૈદ્ય અને જે જે નાગર ગૃપ તરફથી શ્રી દિવ્યેશ અવાસીયાના આભાર દર્શન બાદ સૌ સ્વસ્થાને જવા રવાના થયા હતા.

<u>આપણા સંસ્કાર નેતાઓ</u>- (કકબ-ફેબ્રુઆરી ૧૯૫૬ - પુન: પ્રકાશન)

## દુર્ગારામ મહેતાજી - પ્રો. ઈશ્વરપ્રસાદ જોષીપુરા- એમ.એ.

'મહેતાજી' શબ્દ આમ તો તિરસ્કાર વાચક છે. માસ્તરને શિક્ષક કહેશો તો એ મનમાં હરખાશે અને પોતાને થોડું શું સન્માન આપ્યા બદલ એ સંતોષ પામશે, પરંતુ એને જો તમે મહેતાજી કહેશો તો એને હાડોહાડ અપમાન લાગશે. ભદ્રંભદ્રની પેઠે મહેતાજી શબ્દ પણ ઉપહાસનો સૂચક બની ગયો છે. તે એટલે સુધી કે ખાનગી વેપારીની પેઢીમાં દેશી નામું લખનાર મહેતાજી પણ પોતાને 'એકાઉન્ટન્ટ' તરીકે ઓળખાવે છે. કેટલાક શબ્દો પ્રત્યે પરંપરાથી સમાજની અમુક પ્રકારની વૃત્તિ બંધાઈ જાય છે એમાં અમુક ધંધાનો અથવા એ ગ્રહણ કરનાર વ્યક્તિનો દોષ નથી. દાખલા તરીકે શિથિલ પ્રકૃતિના, વહેમી, વ્યવહારમાં અતિ ચુસ્ત અને સામાન્ય બુદ્ધિના અભાવવાળા માણસને આપણે અત્યારે 'મહેતાજી' કહીને કદાચ વગોવતા હશું, પરંતુ જાણીને આશ્ચર્ય થશે કે, એ જ ઉપનામ થી ગુજરાતભરમાં અને મુંબઈમાં જાણીતી થયેલી આપણી જ્ઞાતિની એક વ્યક્તિએ ગયા સૈકામાં સમાજ સુધારાના ઇતિહાસમાં ક્રાંતિ આણી યુરોપના ક્રાંતિવીર માર્ટીન લ્યૂથર જેટલી પ્રતિષ્ઠા મેળવેલી અને મહેતાજી હોવા છતાં પણ સમાજના સાચા અર્થનું નેતૃત્વ પ્રાપ્ત કરેલું. એ નરવીર તે દુર્ગારામ મંછાશંકર મહેતાજી. આપણે એમની જીવનરેખા જોઈ એમનાં આજે ભુલાઈ ગયેલા મહાત્મ્ય ને તાજું કરીએ...

દુર્ગારામ મહેતાજીનો જન્મ સુરત શહેરની નાગર બ્રાહ્મણ જ્ઞાતિમાં ઇ.સ. ૧૮૦૯ના ડિસેમ્બરની ૨૫ તારીખે થયેલો. ૧૧ વર્ષની ઉંમર સુધી ગામઠી શાળાએ, ગામઠી પદ્ધતિએ આંક, લેખાં, અક્ષર જ્ઞાન વગેરેનું શિક્ષણ લઈ બાર વર્ષની ઉંમરે ગોવિંદરામ જીવણરામ નામે એક નાગર ગૃહસ્થની પેઢીમાં એ દેશીનામુ શીખવા માટે દાખલ થયા. દુર્ગારામને પુસ્તકો વાંચવાનો ઘણો જ શોખ હતો. પોતાના જમાનામાં જે કંઈ પુસ્તકો મળતાં તે સઘળાં દુર્ગારામ એ પંદર વર્ષની ઉંમરે તો વાંચી કાઢ્યાં હતાં. સોળમે વર્ષે વિદ્યા અને ઉદ્યમ શોધવા માટે માસીની સાથે એ મુંબઈ આવ્યા.

મુંબઈમાં એ વખતે સરકારે દેશી પ્રજાને ભણાવવા માટે સરકારી નિશાળ શરૂ કરી હતી. એવી એક નિશાળનું વાર્ષિક ઇનામનો મેળાવડો દુર્ગારામ એ જોયો અને પાસ થતા વિદ્યાર્થીઓને ગવર્નર સાહેબ જે ઇનામ વહેચતા હતા તે પણ જોયું. એથી દુર્ગારામને ઇનામ માટે એવું ભણતર ભણવાનો ઉત્સાહ જાગ્યો. માસીની સંમતિ લઈ દુર્ગારામ મુંબઈની નિશાળનું નવું ભણતર ભણવા બેઠા. દોઢેક વર્ષ એ રીતે ભણ્યા એટલે સરકારે 'મહેતાજી' થઈ શકે એવું એમને પ્રમાણપત્ર આપ્યું અને માસિક રૂપિયા વીસના પગારથી મહેતાજી તરીકે નિમી એમને સુરત મોકલ્યા.ઇ.સ. ૧૮૨૬ના સપ્ટેમ્બરની ૧૬મી તારીખે દુર્ગારામ મહેતાએ સુરત શહેરના હરિપરા નામના લતામાં ગુજરાતી શાળા શરૂ કરી. ગુજરાતને આંગણે ગુજરાતી ભાષા અને ગણિત શીખવતી પહેલી પ્રાથમિક શાળા આ રીતે આપણી જ્ઞાતિના એક સજ્જનને હાથે શરૂ થયેલ છે, એ હકીકત ચીર:સ્મરણીય રહેવી જોઈએ.

મહેતાજીના ધંધામાં પડેલો માણસ સાધારણ રીતે જડ અને જરઠ થઈ જાય છે. એની બુદ્ધિનો જરાયે વિકાસ થતો નથી. અને એ ઇતિહાસ ભૂગોળની ગોખેલી વાતો ૩૦ વર્ષ સુધી પોતે જે રીતે ભણ્યા હોય તે રીતે જ કશાએ ઉત્સાહ કે અરમાન વગર નિષ્કામ યોગીની જેમ ભણાવે જાય છે, એવી સામાન્ય માન્યતા છે, પરંતુ તે વખતની બ્રિટિશ સરકાર ઉછરતી પ્રજામાં સંસ્કાર સિંચવાનું કામ જેને સોપાયું છે એવા મહેતાજીઓના જ્ઞાનને સહેલાઈથી

કટાવા દે તેમ નહોતી. મહેતાજીઓને દર પાંચ પંદર વર્ષને અંતરે મુંબઈ પરીક્ષા આપવા જવું પડતું. દુર્ગા રામ એ રીતે ૧૮૪૦ના મુંબઈ પરીક્ષા આપવા ગયેલા અને ઇલાકાના તમામ મહેતાજીઓમાં પહેલે નંબરે આવેલા. ભૂગોળ ખગોળના સત્ય અને શોધો સમજવામાં દુર્ગારામ એમના જમાનાથી ઘણા આગળ નીકળી ગયા હતા. કોઈક વાર મુંબઈની સરકારનો હુકમ આવતો કે છોકરાઓને ભૂગોળનું પ્રાથમિક જ્ઞાન આપવું અને પૃથ્વી ગોળ છે તથા સૂર્યની આસપાસ ફરે છે તે સમજાવવું!

એ જમાનાના ભણતરને તો શું ભણાવનારને પણ આ વાત ગળે ઉતરે તેવી ન હતી. દુર્ગારામના સમોવડિયા પ્રાણશંકર નામે એકબીજા મહેતાજી હતા. સરકારના હુકમનું એ બરાબર પાલન કરતા છોકરાઓને કહેતા: "જુઓ, સાહેબ પરીક્ષામાં પૂછે, ત્યારે કહેવું કે પૃથ્વી ગોળ છે અને સૂર્યની આસપાસ ફરે છે.. પરંતુ ખરી રીતે એમ નથી હો! આ દડા ઉપર ઢીંગલી ઉભી રાખી દ્યો જોઈએ? નથી રહેતી ને? પાટી ઉપર રહે છે, કેમકે એ સપાટ છે. એ જ રીતે પૃથ્વી ગોળ હોય તો આપણા ઘર પડી જ જાય ને? ઘર નથી પડી જતાં, માટે જ પૃથ્વી સપાટ છે અને ફરતી નથી.. પણ સાહેબને એમ ન કહેવું હો! કેમકે સરકારનો હુકમ પૃથ્વી ગોળ છે એમ ભણાવવાનો છે!" આ અહેવાલમાં થોડી અતિશયોક્તિ હશે, પરંતુ કહેવાનો મતલબ એ છે કે, દુર્ગારામ એમના જમાનાના બીજા મહેતાજીઓ કરતાં નવા જ્ઞાનના ગ્રહણમાં અને એના વિતરણમાં ઘણા આગળ નીકળી ગયેલા.

સાચો શિક્ષક જન્મથી સુધારક પણ હોય છે વિદ્યા વિતરણના પોતાના કાર્યના એક અનિવાર્ય અંગ તરીકે સમાજ સુધારણાનું પણ એ કાર્ય કરતો હોય છે. દુર્ગારામ સારા શિક્ષક હોવા ઉપરાંત ઉદામ સુધારક પણ હતા, પરંતુ સુધારક તરીકેનું એમનું જીવન સ્વભાવની નબળાઈને કારણે અથવા સંજોગોને કારણે કેટલાક અક્ષમ્ય સ્ખલનોથી કલંકિત થયેલું હોઈ આ વીર પુરુષ જેટલાં માન અને આદરના અધિકારી થવા જોઈએ એટલા થઈ શક્યા નથી અને ૧૮૩૯ માં વિધુર થયા પછી જુવાન દુર્ગારામના તેજસ્વી મગજમાં વિધવા પુનર્વિવાહના સુધારાની આવશ્યકતા નો એકાએક ખ્યાલ આવ્યો. એ સુધારાનો પહેલાં તો એમણે નાગર બ્રાહ્મણની જ્ઞાતિના વિશિષ્ટ સંજોગોની દ્રષ્ટિએ જ વિચાર કર્યો પરંતુ પાછળથી વ્યાપક સામાજિક દ્રષ્ટિએ વિધવા વિવાહના સુધારાની એમણે કરવા માંડી અને જોરશોરથી હિમાયત સુરત શહેરને ચકલે ચકલે એ વિષય ઉપર ભાષણ કરવા માંડ્યાં. જુવાન વિધવાઓએ દુર્ગારામને પોતાના તારણહાર માન્યા. ઘડી ભર તો વિધવાઓ ફરી પરણતી થઈ જશે એવી ધાક બધાને બેસી ગઈ. મથુરી નામે એક જુવાન ડુંગરપુરી વિધવા દુર્ગારામને પરણવા પણ તૈયાર થઈ ગઈ. આ સમાચારથી સુરતની નાગરી નાતમાં ખળભળાટ થઈ ગયો. ત્યારે શાણા સનાતનીઓએ મહેતાજીની ઉદ્ઘોષણા પાછળ ખરેખર વિધવાઓ પ્રત્યેની હમ દર્દી છે કે કેવળ અંગત સ્વાર્થ છે તેની પરીક્ષા કરવાનો પેંતરો રચ્યો. દુર્ગારામ વિધવા વિવાહની જાહેરમાં કદી પણ હિમાયત ન કરે એવી લેખિત શરત સાથે જીવનરામ મંછારામ નામે એક નાગરબ્રાહ્મણે પોતાની અભેગવરી નામે મારી કન્યા એમને આપવાની દરખાસ્ત કરી અને દુર્ગારામ અને એ દરખાસ્ત હોંશભેર સ્વીકારી લીધી !!! સુધારાના પ્રફુલ્લ ચંદ્રરાજને આ રીતે સ્વાર્થના રાહુએ ગ્રસી લીધો. આ પ્રસંગને કારણે જ ક્રાંતિવીર સુધારક શિરોમણી દુર્ગારામ ઇતિહાસને પાને માત્ર મહેતાજી દુર્ગારામ તરીકે જ અમર બન્યા!! કેટલાક નાનકડા અકસ્માતો પણ દેશનો ઇતિહાસ સમૂળગો ફેરવી નાખે છે. કુંવારી કન્યાને પરણવાની લાલચમાં દુર્ગારામ ન ફસાયા હોત તો આપણા પ્રાંતનો સમાજ સુધારા નો ઇતિહાસ જુદી જ રીતે લખાયો હોત.

આ પ્રસંગે દુર્ગારામની પ્રતિષ્ઠાને થોડી હાની પહોંચાડી એ ખરું, પરંતુ ઇતિહાસકારે આગ કમ નસીબ પ્રસંગને ઘટે તેથી વધુ મહત્વ આપી દુર્ગારામની નૈતિક હિંમતને ઉતારી પાડવી ન જોઈએ. વસ્તુતા એ દુર્ગારામ જેવા હિંમતબાજ, સ્પષ્ટ વક્તા, માથું કોરે મૂકીને કામ કરનારા પ્રજા હિતેષી સુધારકો આપણે ત્યાં બહુ થોડા થયા છે. આજે આપણે કલ્પી ન શકીએ એટલી નૈતિક હિંમત રાખવી વહેમી પ્રજાનો વિરોધ અને સરકારની નામરજીનો સામનો કરી દુર્ગારામ એ સમાજ સુધારાના કેટલાંય ક્ષેત્રમાં માતબર કામ કર્યું છે.

સુરતમાં 'પુસ્તક પ્રસારક મંડળ' સ્થાપી ગ્રંથો છાપવા માટે દુર્ગારામે મુંબઈથી છાપખાનું આણેલું અને સુરતના એ છાપખાનું નાખવાની કલેક્ટરે મંજૂરી ના આપવાથી ગામ બહાર છાપખાનું નાખેલું. ત્યાંથી પણ છાપખાનું ખસેડવાનો હુકમ થતાં દુર્ગારામે તાપી નદીમાં ફરતી હોડીમાં છાપખાનું ચલાવ્યું હોવાનું કહેવાય છે. છેવટે છાપખાનું ચલાવવાના એમના મમત્વને વશ થઈ સરકારે શહેરમાં છાપખાનું ચલાવવાની પરવાનગી આપેલી. સુધારક તરીકેની દુર્ગારામની પ્રવૃત્તિના આધાર સ્તંભરૂપ તો એમણે સ્થાપેલી 'માનવ ધર્મ સભા' ગણાય. આ સભા મહેતાજીએ સુરતના 'દદ્દા' તરીકે ઓળખાતા એમના મિત્રોની સહાયથી સને ૧૮૪૪ના જુનની ૨૨મી તારીખે કરેલી. એનો મુખ્ય ઉદ્દેશ તો મનુષ્યને દુઃખના બંધનમાંથી મુક્તિ અપાવવાનો અને મોક્ષનો માર્ગ દેખાડવાનો હતો. પરંતુ એને અનુલક્ષીને અજ્ઞાન, વહેમ, ભૂતપ્રેત, ડાકણ, ચૂડેલ, દોરાધાગામાં માન્યતા, જાદુમાં અંધશ્રદ્ધા, રોવા કૂટવાની કુરુઢિઓ વગેરે સમાજને ભરડો લઈને બેઠેલી અનેક પરંપરાગત માન્યતાઓ પાછળનો ભ્રમ ખુલ્લો પાડવાનો પણ દુર્ગારામનો ઉદ્દેશ હતો.

માનવ ધર્મ સભાની દર અઠવાડિયે મળતી 'મીટીંગ' માં દુર્ગારામ સમાજના વહેમને પોષતા એવા કોઈ પણ એકાદ વિષય ઉપર જોરશોરથી ભાષણ આપતા અને અનેક દાખલા દલીલો વડે પોતાનું મંતવ્ય સ્પષ્ટ કરતા. મહેતાજી માત્ર સામાન્ય શિક્ષક કે સુધારક નહીં પણ દાર્શનિક તત્વવેત્તા પણ હતા. એ એમણે જીવ અને શિવનું સ્વરૂપ, ભક્તિના પ્રકારો, અજ્ઞાનનું સ્વરૂપ, મોક્ષ પ્રાપ્તિના માર્ગો વગેરે વિષયો ઉપર કરેલાં વ્યાખ્યાનો ઉપરથી સમજાય છે. માનવ ધર્મ સભાના દફતરનો અહેવાલ જે હજી પણ વેરવિખેર હાલતમાં સચવાયો છે, એના ઉપર એક નજર માત્ર જ નાંખતા આજથી સો વર્ષ પહેલાં 'મહેતાજી' જેવા સામાન્ય ગણાતા માણસે સમાજના ભૌતિક અને આધિભૌતિક અભ્યુદય માટે એકલે હાથે કેટકેટલું કર્યું છે તેનો કંઈક ખ્યાલ આવશે એવા વીર નાગર રત્નની પુણ્ય સ્મૃતિ હર હંમેશ ઝળકતી રહો.

## જીવનમાં ત્રણ બાબતનું મહત્વ :

૧) ત્રણ કોઈની રાહ જોતા નથી - સમય, મૃત્યુ અને ગ્રાહક. ૨) ત્રણ વસ્તુ ગયા પછી પાછી વળતી નથી- તીર કમાનથી, વાણી જીભથી, પ્રાણ દેહથી. ૩) ત્રણ ઉપર હંમેશા પડદો રાખો- ધન, સ્ત્રી અને ભોજન. ૪) ત્રણ વસ્તુ જીવનમાં એક વાર મળે છે- મા- બાપ અને યુવાની. ૫) ત્રણથી બચવા પ્રયત્ન કરવો- ખોટી સંગત, સ્વાર્થ અને નિંદા.

૬) ત્રણ ઉપર મન લાગવાથી પ્રગતિ થાય- ઈશ્વર, મહેનત અને વિદ્યા. ૭) ત્રણને કદી ભૂલશો નહિ- દેવું, કરજ અને માંદગી. ૮) ત્રણ વ્યક્તિનું સદા સન્માન કરવું - માતા, પિતા અને ગુરુ. ૯) ત્રણને હંમેશા વશમાં રાખો- મન, કામ અને લોભ. ૧૦) ત્રણ વ્યક્તિ ઉપર હંમેશા દયા કરો - બાળક, ભૂખ્યા અને અપંગ.

સંકલન : ડાકોરભાઈ ત્રિવેદી - રાજકોટ.

<u>ચિંતન કરવા જેવો હળવી શૈલી લેખ</u> :

# ટ્યુશન અને ઇન્સ્ટિટ્યૂશન - મહેશ ધોળકિયા (હાસ્યમેવ જયતે માંથી)

આપણા લોકો ભારત વર્સસ ઓસીના ટેસ્ટ મેચની જેટલા ટેસ્ટથી ચર્ચા ચલાવે છે, અથવા તો માધુરી વર્સસ અનિલ કે ફલાણી વર્સસ ઢીંકણા ના સિનેમાઈ સ્કેન્ડલ્સમાં જેટલો રસ તેઓ રેડે છે, એટલો વિચાર આપણા રોજના જીવનને સ્પર્શતા- ભીંસતા આવા પ્રશ્નો વિશે કેમ નહીં કરતા હોય?

આપણે લોકો વિચારવાનું ટાળીએ છીએ -એવી એક ફરિયાદ છે. અને કોઈપણ સ્થાપિત બાબત વિશે પુન:વિચાર કરતાં તો ડરીએ જ છીએ -એવો એક આક્ષેપ છે. (કમસે કમ એ વિશે તો વિચારીએ?) અને ભ્રષ્ટાચાર તથા ટ્યૂશન જેવી સમસ્યાઓ વિશેની આપણી જરી પુરાણી માન્યતા જોતાં આ સાચું લાગે છે.

ધર્મ, લગ્ન અને નીતિ જેવાં મહાન મૂલ્યો વિશે નવેસર વિચારવાની ઘણા હિમાયત કરતા હોય છે, પરંતુ મારા સમાજવિદ્યાના એક પ્રોફેસર મિત્રના દાખલા પરથી લાગે છે કે એ કામ કરવા જેવું નહીં! એ મિત્ર વારંવાર મારી પાસે સમુળી સામાજિક ક્રાંતિના બ્યુગલ ફૂંકે છે, પણ પોતાની રૂપાળી (તે માને છે તેવી) પત્નીને એકલી ઘર બહાર નીકળવા દેતો નથી : ચશ્મે બદદૂર!

પરંતુ ભ્રષ્ટાચાર જેવી નિર્દોષ બાબતો વિશે નવી રીતે નિરખતાં આપણને કોણ રોકે છે? (ભ્રષ્ટાચાર કરતાંય કોણ કોને રોકે છે ભલા!) ભ્રષ્ટાચારને નાથવાને બદલે આપણે જો તેને પલાણવા તત્પર હોઈએ અને સ્થિતિ એવી આવી હોય કે ભ્રષ્ટાચાર વિના એક પણ નોકરી એક પણ છોકરી (યા છોકરીને છોકરો) કે એક પણ નાનું કામ હાંસલ ન થતું હોય ત્યારે આ ગંદા શબ્દને હટાવી એને સ્થાને 'વ્યાપકાચાર' કે 'સામાન્યાચાર' કે એવો કોઈ મનભાવન શબ્દ યોજવાનું આપણે કદી વિચાર્યું ? નહીં! આને કહેવાય વિચાર -દારિદ્રય અને એ ખટકવું જોઈએ. તોય ઘણું!

ટ્યૂશન વિશે પણ હાલત આવી જ છે. આપણે 'ટ્યૂશનની બદી' નું જૂનું પુરાણું ગાણું ગાયા કરીએ છીએ! દાખલા તરીકે સુરેન્દ્રનગરમાં ટ્યૂશનની બદીએ માઝા મૂકી છે. ટ્યૂશન રાખવા વિદ્યાર્થીઓ પર જોર જુલમ થાય છે; બિચારી શિક્ષણ સંસ્થાઓ, આ ચોમાસે અમદાવાદમાં ગાંડીતૂર ઘૂઘવેલી સાબરમતી સમક્ષ પાલડીની પોશ સોસાયટીના પડું પડું મકાનો થથરતા હતાં. તેવી લાચાર દશામાં તમાશો જુએ છે અને છેક શિક્ષણાધિકારી સુધી આ વાત, એટલે કે વાત વંટોળ પ્રેરિત જળશંકટ પહોંચી ગયું. વગેરે વગેરે.

આના પરથી આપણને વિચાર એ આવવો જોઈએ કે 'ટ્યુશનની બદી' ને તીલાંજલિ આપી, આપણે 'ટ્યૂશનની નદી' એવો શબ્દ પ્રયોગ પ્રચલિત કરી, આખો અભિગમ બદલવો જોઈએ! હકીકત તો એ છે કે, દેશની આઝાદી પછી પ્રગટેલી આ ગુપ્ત ગંગા, બીજા સમાંતર ધંધાની જેમ રાતે ન ફાલે એટલી દિવસે અને દિવસે નહીં એટલી રાતે મહાલી, અને એ રીતે રાઉન્ડ ધ ક્લોક એરાઉન્ડ ધ નેશન એવી તો વિરાટ બની વીંટળાઈ છે કે એજ્યુકેશનનો- ઇન્સ્ટિટ્યૂશનનો સાગર શરમાઈ સંકોચાઈને ખાબોચિયું બની ગયો છે.

આપણે ચિંતિત બની પૂછીએ છીએ -આ મહા નાદને નાથે કોણ? અધિકારી? પણ એના તો અધિકારનું આ ક્ષેત્ર છે, ફરજમાં એ આવતું નથી? એના કાર્યક્ષેત્રમાં માન્ય સંસ્થાઓ જ આવે, અમાન્ય છતાં સર્વમાન્ય ટ્યૂશન પ્રવૃત્તિ લક્ષ્મણરેખા બહાર! પ્રધાન સુધી વાત પહોંચાડવી? એ બિચારા પક્ષ વિપક્ષ, મહા સમિતિ મીટીંગ અને

ઉદ્ઘાટનોમાં એટલા વ્યસ્ત કે આ ઘોડાપૂરની દિશાની પણ ગતાગમ ક્યાંથી હોય? એક પ્રધાને ભરી ધારાસભામાં ધડાકો નો'તો કર્યો, કે શિક્ષકોની નિમણૂકમાં લાખોની લાંચ લેવાય છે - એનો કોઈ લેખિત પુરાવો હજુ સુધી મારી જાણમાં નથી આવ્યો ! સહદેવ છે બચારા!

પણ ભૂલ આપણી ગલત માન્યતાની છે. પ્રશ્ન ટ્યુશનની નદીને રોકવાનો છે જ નહીં! દુઃખે છે પેટ ને કૂટીએ માથું - તો પછી હાલ કેવા થાય? વિદ્યાનગર જેવા! કે' છે કે ત્યાં ટ્યૂશનની નદી એવી મદમસ્ત મ્હાલે, કે એ પંથકના વિદ્યાર્થીઓના ચારેક કરોડની દક્ષિણા (કહેવું જોઈએ 'વામિકા') વરસે દહાડે ગુરુ ઘંટાલોના ઝભ્ભામાં સરી આવે. અમદાવાદનો આવે છે અંદાજ? આ તો 'લાર્જેસ્ટ સ્કેલ ઇન્ડસ્ટ્રી વિથ હન્ડરેડ પર્સેન્ટ પ્રોફિટ એન્ડ નો ટેક્સ'! પછી તો સોસાયટી -સંચાલકોએ વિદ્યાનગરમાં આની સામે જેહાદ જગાવી, ગુરુઓને નોટિસ ફટકારી અને તાલેવંતોની નોકરી જોખમમાં મૂકી! તમે પૂછશો, પરિણામ? પરિણામ એ કે ટ્યૂશન આણંદ -અમદાવાદ વચ્ચે ટ્રેનમાં ચાલ્યાં.

માંડવે નહીં તો ભાગીને લગન! બંને લાયક બંને સંમત !

ક્યા કરેગા કાજી? પાજી !

કાજી હો જાય રાજી હા, જી!

સમજુ હોય તેણે હવે સમજી જવું જોઈએ કે સમજવાનું એટલું જ છે, કે - જમાનો ટ્યૂશનનો છે ઇન્સ્ટિટ્યૂશનનો હતો, આજે નથી.

'કાં હેમંતભાઈ શું ખબર છે?'

'બસ હાલે રાખે છે આમને આમ.'

'કેમ આમ ઢીલું ઢીલું?'

'ના, રે. આ તો છોકરો નવમાની પરીક્ષામાં બેઠો તો ઈ-'

'ના પાસ થયો? એનું કંઈ નહીં, ઈ તો હાલ્યા કરે-'

'એ તો પાસ થયો-'

'વાહ રે, હેમંતભાઈ! હવે તો બોર્ડનું વરસ!

'એની જ ઉપાધિ છે ને?'

'કેમ? સ્કૂલમાં એડમિશન નો પ્રશ્ન છે?'

'એ તો ઠીક. એડમિશન તો મળવાનું જ ને?

'ત્યારે?'

મથાકૂટ ટ્યકશનની છે. એ અને એની મમ્મી રોજ ભટકે છે. સારા સારા- ક્લાસ તો વેકેશનમાં જ ભરાઈ ગયા. જો ટ્યુશનનો મેળ નહીં પડે તો-'

તો?

'બીજું શું? છોકરો ડ્રોપ લેશે, ને એટલે, મારું ખાવાનું ફ્લોપ !

આ છે પહેલા પ્રકારનું ટ્યૂશન. ઇન્સ્ટિટ્યૂશનનું પૂરક નહિ પણ બૂરક- યાને 'શાળા ઘોરખોદુ ટ્યૂશન' અથવા તો એને 'મારફાડ માર્ક ઝૂડ' ટ્યૂશન તરાહ પણ કહી શકાય!

કાગળની નાવ :
મે'તો કાગળની નાવ બનાવી,
રદ્દીકાગળની નાવ પાર પાડી,
લખ્યા'તા સપના મે ઠાંસીઠાંસી,
સહુસપનાંને અડચણથી બચાવી,
જાળાને ઝાંખરા કાંટાને કાંકરા,
હાલકડોલક ને વરસાદી ઝાપટાં,
કૈંક તુફાનો સામે એ ટકરાણી,
ક્યાંયે વળી ના અટવાણી,
સહુ સપનાંને સલામત સાચવી,
ઈશે કૃપા તો એવી વરસાવી કે,
આવનારી આપત્તી મૂળે તણાણી,
સઘળા સપનાઓ સાકાર પાડી,
સહુપર વરસે એવી કૃપા પ્રભુની,
જેની જેવી હોય મતિ ને મરજી,
લખ્યા વિના પાર પાડે રામજી,
મારી એક એવી અંતરની અરજી.
રાસવિહારી વૈષ્ણવ, મોરપીંછ,
રાજકોટ.

આ રહ્યું પ્રકાર નંબર બે નંબર ટ્યૂશન:
'બેન, તમે બાળકોના ટ્યુશન કરો છો?'
'હા, આવો.'
'બાબો ક્યાં ધોરણમાં ભણે છે?'
'હજુ તો એ ભણતો નથી. તમારે જ એને-'
'કેવડો છે તમારો બાબો?'
'આઠનો થશે.'
'આઠ વરસનો થયો અને નિશાળે નથી મૂક્યો?'
'એ આઠ માસનો છે, બેન!'
'આઠ માસના બાળકનું ટ્યૂશન? એ તો બહુ નાનું-'
'તમારે બેન, નાના મોટાનું શું કામ ફી ડબલ લેજો. બસ!'
'તમારા ભાઈ દી ને રાત ધંધો કરે, ને મારે સર્વિસ એટલે!'
ખબર છે? મુંબઈ- બરોડામાં તો હવે મેટરનીટી હોમમાંથી બાળકને સીધું ટ્યૂશન માટે 'હેપી હોમ'માં દાખલ કરી દે છે!
આ 'હોમલેસ હેપીનેસ' વાળા ટ્યૂશનને આપણે શું કહીએ?
બી.ઝેડ.એમ.-યાને બાળ ઝંઝટ મુક્તિ ટ્યૂશન તરાહ? એટલું સ્પષ્ટ છે કે, ઇન્સ્ટિટ્યૂશનના પાયામાં બારુદ ચાંપે છે આ ટ્યુશન ટોર્પીડો! બાળકના મનમાં ટ્યૂશન ના નહીં, ઇન્સ્ટીટ્યુશનના બી અહીંથી ધરબાય છે. પરિવારની પાયાની સંસ્થાની બહાર ફેંકાઈ ગયેલા આ બાળકો શિક્ષણની કે અન્ય કોઈ સંસ્થામાં પોતપોત થાય કઈ રીતે? અને ગંગોત્રી સ્થાને પડતી, આવી અસંખ્ય ધારાઓ મેદાનમાં પ્રવેશતાં મહાનદ ટ્યુશન ગંગા બની ધસમસે એમાં શું આશ્ચર્ય?
જય ટ્યુશન ગંગે, હો ગયે સબ નંગે.

જ્યાં ચરણ રુકે ત્યાં કાશી
ઝકળના બિંદુમાં જોયો
ગંગાનો જલરાશિ
જ્યાં પાય ઊઠે ત્યાં રાજમાર્ગ,
જ્યાં તરતો ત્યાં મહાસાગર,
જે ગમ ચાલું એ જ દિશા,
મુજ ધ્રુવ વ્યાપે સચરાચર;
થીર રહું તો સરકે ધરતી
હું તો નિત્ય પ્રવાસી.
સ્પર્શું તો સાકાર,
ન સ્પર્શું તો જે ગેબી માયા,
હું જ ઉકેલું, હું જ ગૂંચવું,
એવા ભેદ છવાયા;
હું જ કદી લપટાઇ જાળમાં
હું જ રહું સંન્યાસી.
હું જ વિલાસે રમું,
ધરી લઉં હું જ પરમનું ધ્યાન,
કદી અયાચક રહું,
જાગી લઉં કદી દુષ્કર વરદાન;
મોત લઉં હું માગી, જે પળ,
લઉં સુધારસ પ્રાશી !
-હરીન્દ્ર દવે

પરંતુ યાદ રહે, કે માનીએ છીએ તેટલો વિરોધ ટ્યૂશન ઇન્સ્ટિટ્યૂશન વચ્ચે નથી હો?
માનો તો યે ગંગા મૈયા, માનો તો વો ગંગા મૈયા - એવા સમજ સમજ કા ખેલ હે, બેટા!
નવું નવું અંગ્રેજી શીખતું એક બાળક 'આઈ' પાસે મુંઝાયું. ('આઈ' ભલભલાને મૂંઝવે!' ઈગો નો 'આઈ', આંખના અર્થમાં 'આઈ' અને મા માટેનો મરાઠી શબ્દ 'આઈ'!)
ક્લાસમાં શિક્ષકે અર્થ સમજાવ્યો 'આઈ એટલે હું.'
બાળક ઘરે આવ્યું 'પપ્પાએ નોટ જોઈ પૂછ્યું': 'બેટા, આઈ એટલે?'
'ટીચર'
'મુરખ, આઈ એટલે હું.'
બીજે દિવસે શિક્ષકે પુનરાવર્તનમાં પૂછ્યું. 'બોલ, આઈ એટલે? 'પપ્પા!'

'ગધેડા! તને કેટલી વાર કહેવું? આઈ એટલે હું- હું'

બાળકે મનોમન તોડ કાઢ્યો -આઈ એટલે સ્કૂલમાં ટીચર અને ઘરમાં પપ્પા!

આવો જ તોડ આજના વિદ્યાર્થીઓએ પણ કાઢ્યો છે. નામ બોલે શાળામાં અને ભણે ટ્યુશનમાં. મફતિયા મોજ કરવી શાળામાં, અને એ બચેલી ફીનું દાન દક્ષિણા ઉમેરી કરવું કોચિંગમાં! શિક્ષકો પણ આવા તોડની બાબતમાં શિષ્યોને શરમાવે તેવા છે. તેઓ શાળાના નામનો આધાર સ્વીકારે છે. અને કીર્તિ કેરાં કોટડા રચે ટ્યૂશનનાં; પગાર શાળાનો પામે, ભણાવે ટ્યૂશનમાં. હા, ટ્યૂશનમાં આવવાનું શાળામાં પઢાવે ખરા! ઇન્સ્ટિ+ટ્યૂશન વચ્ચે સમજભર્યો આવો સહયોગ સાધવા માટેની ગુરુ-શિષ્યની દિલે દિલાવરીની નોંધ આપણા શિક્ષણના ઈતિહાસે જરૂર લેવી પડશે!

જરા ઊંડે ઝાંકીએ, તો આ બંને વચ્ચે અદ્ભુત ઐક્યની અદ્વૈત પણ હોનહાર પ્રતીતિ થવાની:

ઘાટ ઘડીયા પછી નામ રૂપ જોઈ જૂજવાં, અંતે તો 'જેમનું તેમ' હોય કે પછી ટ્યૂશન અને ભણાવનાર પણ જ્યાં એકનાં એક છાપેલ કાટલાં ત્યાં જુદાઈ રહે ખરી?

એક પાત્રીય અભિનય જેવો ખેલ છે. યારો!

કમરે હાથ દઈને બોલે ત્યારે રાણકદેવી સમજવી ને તલવારે હાથ મૂકીને બોલે ત્યારે રા' ખેંગાર! અભિનેતા એક જ. એમ શિક્ષક તો એનો એ જ! ટ્યૂશન મંદિરમાં એ નમણી આજ્ઞાંકિત રાણક બને, અને ઇન્સ્ટિટ્યુશન- રણે થઈ જાય ડારા દેતો, મૂછે તાવ દેતો સંઘ બળે સાવજ જેવો રા' ખેંગાર!

ગમે તેમ પણ પોતાના આ લાડકડા પાર્ટનર માટે ઇન્સ્ટિટ્યુશન સ્વયં ખાના ખરાબી વેઠી જે ત્યાગવૃત્તિ દાખવી રહ્યું છે, તેનો જગતભરમાં જોટો જડે એમ નથી. તમે કોઈ પણ સિટીમાં ચક્કર લગાવો, એટલે શિક્ષણ સંસ્થા અને સંચાલકની આ મહાન ફનાગીરી દેખાયા વગર નહીં રહે. આજે જોકે પહેલાં જેવી શાળાઓની ભવ્ય ઈમારતો નથી રહી, કે નથી રહ્યા જોતાં વેંત ચરણમાં મસ્તક મૂકવાનું મન થાય તેવા મહાન શિક્ષકો. (આજ તો તેમના ખુદના મસ્તક વી.આઈ.પી. ના ગંદા ચરણમાં રગદોળાય છે!) છતાં આ શાળાઓની અદ્ભુત ઓલીયાગીરી રડાવી મૂકે એવી છે. આ શાળાઓ પોતે સાંકડા, ગંદા, બિસ્માર મકાનમાં ચાલે છે. ચાલતી તો નથી, બેસે છે. તો બીજી બાજુ જે કોઈ બહુમાળી, આલીશાન, ચમકતી, યુવક યુવતીઓથી છલકાતી શૈક્ષણિક ઈમારત તમે જુઓ એટલે - એ રે નિશાની એ ટ્યૂશન અખાડા -તમારે ઓળખી લેવાના!

બોર્ડના નગરે નગરના પહેલા દસ વિદ્યાર્થીઓ વિદ્યાલય -મા વિહોણા અનાથ હોય એમ કોચિંગવાળા એમની સિદ્ધિ પર હક દાવાની કાગારોળ મચાવે છે-એ છે શિક્ષણ સંસ્થાઓની કુરબાની કથાની વ્યથાની પરાકાષ્ઠા!

અપની ખુશી સે અપની દુનિયા લૂટા રહે હૈ -એ ગીત ગણગણતી વિદ્યાલય- મૂર્તિ કોઈ ત્યકતાની જેમ ખૂણો પાળે છે... અને સરકારની ઉદારીકરણ તથા ખાનગીકરણની નવી પબ્લિક પોલીસી સાથે જાણે કે સુસંગત હોય તેમ સરકારી ગ્રાન્ટ ની ફરતી આણ એની રક્ષા કરે છે!

આ સુરક્ષાકવચ ભેદી ઇન્સ્ટીટ્યૂશન ઈન્કિલાબની સિંહગર્જના કરશે ખરું?

~~~~~~~~~~~~~~*****~~~~~~~~~~~~~~~
~~~~~~~~~~~~~~

# ભોળાનાથ ભગવાન શિવજીની કરુણા સર્વ કૃપા

મહાશિવરાત્રીનો મહાન ઉત્સવ બધાં જ શિવ મંદિરોમાં, અન્ય મંદિરોમાં પણ ખૂબ જ ભક્તિ ભાવપૂર્વક અને ઉત્સાહભેર ઉજવવામાં આવે છે.

દ્વારકાધીશ ભગવાન શ્રીકૃષ્ણએ પણ દ્વારકા કાયમ માટે છોડી દીધી અને પ્રભાસ ક્ષેત્રમાં સોમનાથ મહાદેવને પૂજન-અભિષેક કરીને અંતિમ વિદાય - સ્વધામ જવાનું નક્કી કરીને છેલ્લા શ્વાસ પણ પ્રભાસ ક્ષેત્રમાં લીધા.

દેવાધિદેવ મહાદેવના શિવલિંગ ઉપર સતત જળનો અભિષેક ચાલુ જ રહે છે. દરેક શિવ મંદિરમાં શિવલિંગ ઉપર પાણી ભરેલી જલાધારી ચાંદી કે ત્રાંબાના મોટા ઘડામાં એક કાણું પાડીને પાણીની ધારા ચાલુ જ રહે છે. આ બધી વિધિ ખૂબ જ જરૂરી છે કારણ કે શિવજીના કંઠમાં હળાહળ ઝેર ભરેલ છે.. શિવજી નીલકંઠ કહેવાય છે. સમુદ્ર મંથન વખતે જે વીશ-ઝેર નીકળે તે શિવજીએ કંઠમાં ગળા સુધી ઉતારેલ, માટે શિવજીને ખૂબ જ ઠંડકની જરૂર રહે તે માટે પાણીનો સતત અભિષેક ચાલુ જ રહે છે.



શિવ મંદિરમાં એક ચાંદીના ઘડામાં પાણી ભરીને અભિષેક ચાલુ જ હતો. રાત્રિના સમયે પણ તે ચાલુ જ રહે... પૂજારી રાત્રે મંદિર બંધ કરીને જાય પછી સવારે આવે. એકવાર એક ચોર ચાંદીનો ઘડો ચોરવાના ઇરાદાથી તાળું તોડીને મંદિરમાં ગયો. ચાંદીનો ઘડો લેવા માટે ઊંચે ચડવા માટે કોઈ સાધન ન હોવાથી ચોરે શિવલિંગ ઉપર પગ મૂકીને ચાંદીનો ઘડો ઉતારવાનું નક્કી કર્યું, અને શિવલિંગ ઉપર બંને પગ મૂકીને ઘડો ઉતાર્યો.

શિવજી તો કૃપાળુ કલ્યાણકારી છે. શિવજી તુરંત જ લિંગમાંથી પ્રગટ થયા અને ચોરને આશીર્વાદ આપ્યા કે તારી સંપૂર્ણ શરણાગતિથી તારાં બધાં જ કર્મોનો ભાર તેં મને સોંપેલ છે, તેથી હું ખૂબ જ પ્રસન્ન છું અને તારી કદર કરું છું. શિવજી તો બધાનું કલ્યાણ કરવાવાળા છે, ચોર, નાસ્તિક બધા જ સરખા. કોઈ જાતના ભેદભાવ વગર બધાનો ખ્યાલ રાખે છે. માટે માનવીમાં આવો દયાળુ ભાવ, કરુણા, પ્રેમ રહે તેવો સાર ગ્રહણ કરવા ની આજના યુગમાં ખૂબ જ આવશ્યકતા છે.

સંકલન : ડાકોરભાઈ ત્રિવેદી, રાજકોટ.

---

સુખની બારી નાની સરખી
દુઃખના મોટા ડેલા રે....,
તોય સુખની આશમા ઉમટી પડે,
આ લોક સૌ ઘેલા ઘેલા રે...!
પાસ હોય તે પીછાણે નૈ,
નથી નથી ને સૌ રોતા રે....,
ઓછપના આભાસે સૌ,
છે નું સુખ એમ ખોતા રે...!
સુખની બારી નાની સરખી
દુઃખના મોટા ડેલા રે....!
માંગવા સારુ મંદિર મંદિર,
સૌ જન કરતા દોડા રે....,
આપે તે સદાય ઓછું પડતું,
વણ થંભ ઈચ્છાના ઘોડા રે...!
સુખની બારી નાની સરખી
દુઃખના મોટા ડેલા રે....,
પામ્યુ મેળવ્યું ધૂળ બરાબર,
નૈ આવે કશું સંગાથ રે...,
પ્રેમે સિંચ્યા સદકર્મ બે ચાર,
તે જ નિભાવશે સાથ રે..!
સુખની બારી નાની સરખી
દુઃખના મોટા ડેલા રે....,
કહે ભટ્ટજી તે ગાંઠે બાંધજો,
સાવ સીધી એની વાત રે...,
દીધું આ જીવતર મોંઘા મૂલ નું,
ઉજાળી જાણો આ જાત રે..!
સુખની બારી નાની સરખી
દુઃખના મોટા ડેલા રે....,

- મેહુલ ભટ્ટ

**અનંતના યાત્રીઓને શ્રદ્ધાસુમન :**

રાજકોટ: રવિન્દ્ર રજનીકાંત નાણાવટી (નિવૃત ITઓફિસર) મા.તરુણીબેન દેસાઈ, શશિકાંત કાંતિલાલ ધોળકિયા (ઉ. ૮૫) પૌરવીબેન વ્યોમેશભાઈ વસાવડા જુનાગઢ : અ.સૌ. મનીષા હરેશભાઈ વસાવડા (ઉ.૫૪) ગં.સ્વ. શર્મિષ્ઠાબેન શશિકાન્ત -ભાઇ વૈશ્નવ દિગંતભાઈ ધ્રુવપ્રસાદ બુચ ( ઉ.૭૨) અ.સૌ. કામાક્ષીબેન કુંજભાઇ જોશીપુરા (ઉ.૭૮) જામનગર: શ્રી સુભાષભાઈ જિતેન્દ્રરાય વોરા (ઉ.૭૧) અમદાવાદ : રજનીકાંત છોટમલાલ પોટા (ઉ.૮૨) સત્યેન્દ્રભાઈ પટણી ઉંમર (ઉ.૯૭) ગં.સ્વ પ્રેમીલાબેન કૃષ્ણચંદ્ર જીકાર (ઉ. ૯૯) વડોદરા : પ્રવિણચંદ્ર દિનકરરાય મંકોડી મુંબઈ : વૃંદા પિયુષભાઈ ઓઝા ભુજ : કલ્પનાબેન કિરીટભાઈ પાઠક (ઉ.૮૦) જસ્મિનભાઈ જયવદનલાલ વૈદ્ય (ઉ.૮૪) અંજાર ગં. સ્વ. ચંદ્રબાળાબેન જયેન્દ્રભાઈ બુચ (ઉ. ૯૦) ભાવનગર : હર્ષદાબેન ભાર્ગવભાઈ મહેતા (ઉ.૮૫) ભદ્રશીલ પી. મજમુદાર (ઉ.૮૭) ગાંધીનગર : અ. સૌ. સાધનાબેન પુષ્પેનદ્ર નાણાવટી (ઉ. ૭૨) માંડવી : અ. સૌ. ઉર્મિબેન વૈદ્ય (ઉ.૪૭) સુરેન્દ્રનગર : ગં. સ્વ કુંજલતાબહેન અરુણભાઇ વસાવડા (ઉ.૮૪) પોરબંદર : મહેશચંદ્ર રામપ્રસાદ નાણાવટી



## ચાંદની હર્ષલ અંજારિયા

(તા. ૨૧/૧૧/૮૫ થી ૨૨/૦૨/૨૫)

**ભાવભીની શ્રદ્ધાંજલિ..**

મુ. ભરત સુરેન્દ્રરાય અંજારિયા
શ્રીમતી વર્ષા ભરત અંજારિયા
શ્રીમતી નમ્રતા ભૂષણ વછરાજાની
ભૂષણ કૌશિકરાય વછરાજાની
મયુર સુરેન્દ્રરાય અંજારિયા
ભૈરવી મયુર અંજારિયા
તન્મય મયુર અંજારિયા
પ્રકૃતિ તન્મય અંજારિયા
ચૈતન્ય સુરેન્દ્ર રાય અંજારિયા
શ્રેય - ધૌમ્ય ચૈતન્ય અંજારિયા
તથા સમગ્ર અંજારિયા પરિવાર.

ૐ શાંતિ : શાંતિ :

## આરોગ્ય ગંગા : કાળા મરી

વિશ્વમાં સૌ પ્રથમ મરીનું વાવેતર ભારતમાં થયેલું. સફેદ તથા લીલા મરી પણ થાય છે. કહેવાય મરી, પણ જીવાડે છે ચોક્કસ! ખાવ રોજ રોજ મરી, તો સંસાર જશો તરી, મરી વધુ ના ખાવાં, તે ગરમ પડી શકે છે. Anti Oxydant હોવાથી લોહીનો કચરો કાઢી નાખે છે.

મરીના અનેક ઉપયોગો છે જેમકે..(૧) ૧ ગ્રામ મરી ચૂર્ણ+ છાશ માખણ પેટના કીડા મારે (૨) ઘી + મરી ખાવા કે ચોપડવાથી શીળસ મટે છે(૩) મરી ચૂર્ણ+ માખણ કે ઘી સંધિવા મટાડે (૪) મરી ચૂર્ણ+ ગાયનું દૂધ ખરજવું મટાડે (૫) વાળ કાળા કરવા સવાર સાંજ ૧૦ ૧૦ મરી ખાલી પેટે ગળવા. મરી + તલના તેલનો લેપ કરવો (૬) તુલસી,મરી,આદુ,સૂંઠ,ફુદીનો,મીઠાનો ઉકાળો પીવાથી ગેસ, અભૂખ , ઉબકા,ઉલટી ,અપચો મટે (૭) જમતી વખતે મરી ઘી સાથે લેવાથી ગળું છોલાતું મટે (૮) ગોળ,ઘી ને મરીના ભૂકાનું ચાટણ ચાટતા રહેવાથી ગમ્મે તેવી કઠિન ઉધરસ,ખાંસી ,કફ મટે છે (૯) શરદી માટે ૧૦ મરી રાત્રે ચૂસી ઉપર ૨૦૦ ગ્રામ દૂધ પીવું. (૧૦) જૂની શરદી માટે ૩૦ ગ્રામ ગોળ,૬૦ ગ્રામ દહીં, ત્રણ ગ્રામ મરી સવાર સાંજ લેવાથી જૂની શરદી મટશે (૧૧) સૂકા કફ માટે મરી તથા સાકર મોઢામાં રાખવાં.

- ડો. રાજન કે. હાથી, વડોદરા.

## લઘુ કથા

# અનુકરણ..

- અશ્વિન મ. વસાવડા, જુનાગઢ.

"મમ્મી આજે રાકેશે જમતાં જમતાં પપ્પાને ભલે મજાકમાં કહેલું, પણ મને તે ન ગમ્યું. મેં રાકેશને પણ કહ્યું. એણે કહ્યું કે તું કહે છે, તેથી રાત્રે 'ડાઇનિંગ ટેબલ' ઉપર 'સોરી' કહી દઈશ. બાકી એ તો મારા ફ્રેન્ડ છે."

"હા, બેટા, એ બંને મિત્રોની જેમ જ એકબીજાની મજાક કરે છે. કોઈને કોઈનું ખોટું લાગતું નથી, પણ બીજા સાંભળે તો તેને નવાઈ લાગે."

"ના મમ્મી, આજે પપ્પા સાચા જ હતા. મારાથી દાળમાં પાણી વધુ પડી ગયેલું.

તારા સસરાને પહેલેથી જ ખાવાનો ભારે શોખ. વળી મારાં સાસુ રસોઈમાં નિષ્ણાંત એટલે મારી રસોઈમાં પણ કંઈ ને કંઈ કોમેન્ટ કરતા, પણ પછી હું મારા સાસુ પાસેથી ટ્રેઈન થઈ ગઈ. વળી મારાં સાસુ રસોઈ અને રસોડાની રીતભાત અને વ્યવસ્થા સાચવવાના, કુટુંબ અને સામાજિક સંબંધો અને વ્યવહાર સાચવવાના ભારે આગ્રહી. ચોક્કસ મૂલ્ય નિષ્ઠાથી જીવનારા હતાં. આ કારણે શરૂઆતમાં મારે તેમના ગમા અણગમાનું ભારે ધ્યાન રાખવું પડતું હતું. મને કંઈ કહેતાં અચકાય નહીં... 'સુનંદા આ મસાલિયામાં ડાઘા પડે તે સારું નહીં, કોઈ બહારનું આવી જોશે તો તેમાં તમારું ખરાબ લાગશે. આજે કાકા ને ઘેર કથામાં ન ગયાં તે ખોટું કર્યું. તમારી અતડામાં છાપ પડશે. મને આ બધું શરૂઆતમાં ન ગમતું. સાસુપણુ કરે છે તેવું લાગતું, પણ જેમ જેમ તેમની વધુ નજીક આવતી ગઈ તેમ સમજાયું કે ઘર, કુટુંબ અને સમાજમાં મારી સારી છાપ પડે તે હેતુથી તે મને કહે છે.'

"- તો મમ્મી, તમે મને કંઈ કહેતાં નથી. હજી પપ્પાએ કહ્યું ત્યારે પણ મારું તમે બચાવ જ કર્યો.

સાચું કહું રચના, અમારી પેઢીમાં જે સહનશીલતા હતી જે આજે તમારામાં રહી નથી. હું મારાં સાસુ મારા હિતમાં કહે છે તે સમજી સ્વીકારી શકી. તેઓ ઘર કુટુંબ સમાજમાં જે રીતે જીવ્યાં તેનું અનુકરણ કરી શકી... આજે કદાચ તું, હું તને કંઈ કહું તે ન પણ સ્વીકારે અને આપણી વચ્ચે અંતર વધે."

"તમારી વાત સાચી છે મમ્મી, અમારા ઘરમાં ભાભીને ભૂલેચુકે કોઈથી કંઈ સૂચન થતું તો તેનું અહમ્ ઘવાતું, તે છંછેડાઈ જતાં. કેટલાય દિવસો સુધી ભારે થઈ જતાં. 'તમે કંઈ બોલતા નથી તેમાં જ આ બધાં મને ટોકટોક કર્યા કરે છે' કહી ભાઈ સાથે પણ ઝઘડો કરતાં અને અમારા ઘરમાં ઘર હતું તે ન રહ્યું અને અંતે ભાઈ ભાભી જુદાં થઈ ગયાં."

"હા, એટલે જ તને કહેતાં મને ડર લાગે છે."

"- ના મમ્મી એવો ડર ન રાખશો. મારી ભાભીના વર્તનમાંથી હું શીખી છું કે હું કોઈનું ઘર ભાંગવા, ઘરના દીકરાને મા બાપથી અળગો કરવા પરણતી નથી. મારું બીજું ઘર વસાવવા પરણું છું. તેથી ભાભીનું હું અનુકરણ નહીં કરું.

રાતે ડાઇનિંગ ટેબલ ઉપર રાકેશ પપ્પાને 'સોરી' કહેવા જતો હતો ત્યાં જ પપ્પાએ પરોઠા અને શાકનો પહેલો કોળિયો મોઢામાં મૂકતાં જ કહ્યું : "વાહ રચના, શાકની ગ્રેવી મસ્ત બની છે."

## એબીએમ ટ્રાવેલ્સ મે-૨૦૨૫માં ખાસ હાટકેશ પરિવાર માટે સિંગાપોરના પ્રવાસનું આયોજન

૪ રાત્રિ/૫ દિવસ- ૨૧ મી મે ૨૦૨૫.- બુધવાર
૩ સ્ટાર હોટેલ,બેકફાસ્ટ, ડિનર,સાઈટ સીઇંગ.
કોસ્ટ : સિંગાપોર ડોલર ૯૪૫+ વિસા ₹. ૩૫૦૦+
એરફેર (અત્યારના રેટ ઓફ એકસચેન્જ સિંગાપોર
ડોલર ૧ = ₹ ૬૩.૫૦ પ્રમાણે
અંદાજીત ₹ 98,999,- સબજેક્ટ ટુ ચેઇન્જ-
એરફેર અને રેટ ઓફ એકસચેન્જ)
તૈયાર થઈ જાવ મિત્રો કે સહપરિવાર સાથે-
ખાસ હાટકેશ પરિવાર માટેના પ્રવાસ માટે...
વધુ પુછપરછ અને નામ લખાવવા-
અવિનાશ મહેતા - ૯૮૨૦૮૧૭૩૧૮



કાર્ટૂનિસ્ટ : રમેશ બૂચ
(૧૯૬૭માં પ્રકાશિત
'રમેશ બૂચના કાર્ટૂન ચિત્રો' માંથી)

**ભિખારી :** એ...સાહેબ! આ ગરીબ ભિખારીને દસ પૈસા આપોને, ...આજે તો બપોરની ચા પણ નથી પીધી...!

**ગૃહસ્થ :** જા...જા...અહિંથી...! તું બપોરની ચાની વાત કરે છે...પણ અહિ બે દિવસથી પૂરું ખાધું યે નથી...ધંધાની મંદીનું તને ભાન છે!

**ભિખારી :** શું કહો છો! બે દિવસથી પુરું ખાધું નથી...? ત્યારે લ્યો આ દસ રૂપિયા...અને એકાદ ફર્સ્ટક્લાસ હોટેલમાં જઈ શીખંડ-પુરી જમી આવો...અમારા ધંધામાં એટલી બધી મંદી નથી આવતી...!


### યોગ પ્રાણ વિદ્યા
હીલિંગ તથા મેડીટેશન પદ્ધતિ

**શું આપ આવી કોઈ બિમારીથી પીડાઓ છો?**

- સ્ટ્રેસ અને ડિપ્રેશન
- મેદસ્વિતા
- સાંધાના દુઃખાવા
- દમ અથવા અસ્થમા
- રોગપ્રતિકારક શક્તિની કમી
- કિડનીની તકલીફો
- પેટની તકલીફો
- હૃદયની તકલીફો
- ખભા અને કમરના દુઃખાવા
- ગર્ભાશયને લગતી બિમારીઓ
- વેરિકોઝ વેઇન
- ડર અને ફોબિયા
- ઊંઘ ના આવવી
- આધાશીશી / માઇગ્રેન
- એલર્જી અને ઈન્ફેક્શન
- રીલેશનશીપની તકલીફો

બધા જ રોગોના નામ લખવા અત્રે શક્ય નથી, પરંતુ આવા ઘણા પ્રકારના શારીરિક તથા માનસિક રોગો માટે યોગ પ્રાણ વિદ્યા (YPV) અસરકારક નિવડેલ છે.

યોગ પ્રાણ વિદ્યા એ સ્પર્શ વગર અને દવા વગર સમગ્રપણે અપાતી સંકલિત પ્રણાલી છે, જેમાં પ્રાણ શક્તિનો ઉપયોગ કરીને બધા જ પ્રકારના શારીરિક તથા મનોદૈહિક રોગોનો ઉપચાર કરી શકાય છે. આ પ્રણાલી આયુર્વેદ, હોમિયોપથી અને એલોપથી જેવી બીજી પ્રણાલીઓની અવેજીમાં નથી. તે આ બધી પદ્ધતિઓને પૂરક રહીને કામ કરે છે જેથી શરીરની પોતાની જાતને સાજા કરવાની કુદરતી ક્ષમતામાં નોંધપાત્ર વધારો થાય છે.

**હીલિંગ શીખવા કે કરાવવા માટે સંપર્ક કરો:**

ધવલ ધોળકિયા — ૨૦+ વર્ષના અનુભવી — મીના ધોળકિયા
+૯૧-૯૯૦૪૪૦૪૬૪૫ — +૯૧-૯૯૨૫૪૬૦૦૪૬
www.ypvmeraki.com — ypvmeraki@gmail.com
+91-9484668989 — ypvmeraki — YPV Meraki



**નારાયણબલી તથા માતૃશ્રાદ્ધ માટે**
**નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર**
**સુધીરભાઈ ચંદ્રશંકર શુક્લ**
**ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,**
**સિદ્ધપુર(પાટણ)**
**ફોન : ૦૨૭૬૭–૨૨૧૯૩૫**
**મો. ૯૮૨૪૩૧૧૬૦૯/૯૪૨૮૫૫૩૧૨૬**


કુરિયર/ટપાલમાં નીચેના સરનામે આ મેગેઝીન ડિલીવર ન થાય તો ફાઈન આર્ટ /IBiz, કોટેચાનગર મેઈન રોડ,કોટેચા સ્કૂલ બિલ્ડીગ, રાજકોટના સરનામે પાછું મોકલશો.

**BOOK POST**


તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ,રાજકોટ.